Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 41,(SURAT), DATE-02/04/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૧, (સુરત), તા.૦૨/૦૪/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 વિદ્યાર્થિનીએ ફાંસો ખાવાના કેસમાં તટસ્થ તપાસ માટે મંત્રીને રજૂઆત

3 વ્યારાના પડાવમાં મૂકેલા ૫ ગેસના બાટલા ફાટતા ભીષણ આગ

4 માત્ર સાડા ચાર મહિના બાદ ટોલટેક્સમાં વધારો, ૧ એપ્રિલથી નવા દર લાગુ થશે

## મહારાણા સાંગા પર સપા ના સાંસદ અભદ્ર ટિપ્પણી કરવા બાબતે શ્રી રાજપુત કરણી સેના દ્વારા બારડોલી પ્રાંત સાહેબ ને આવેદન આપ્યું





**બારડોલી:-** સનાતન હિન્દુ સંસ્કૃતિના ધર્મ રક્ષક મેવાડના રાજા મહારાણા સાંગા ઉપર દિલ્હી સાંસદ ભવનમાં સમાજવાદી પાર્ટીના નેતા રામલાલ સુમન દ્વારા ગદ્દાર કહી કથિત અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી.

આજ રોજ રાજપૂત કરણી સેના દ્વારા બારડોલી પ્રાંત અધિકારીશ્રી ને આવેદન આપવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત શ્રી રાજપુત કરણી સેનાના દક્ષિણ ગુજરાત અધ્યક્ષ મેહુલસિંહ દેસાઈ, સુરત જિલ્લા પ્રમુખ મિતુલ સિંહ સૂરમાં, બારડોલી શહેરના મહામંત્રી જશપાલસિંહ પરમાર, સુરત જિલ્લા મીડિયા કન્વીનર હિમાંશુ સિંહ ઠાકોર, સુરત જિલ્લા સંગઠન મંત્રી વિજયસિંહ સોલંકી, સુરત જિલ્લા કરણી સેના સંયોજક સંજીવસિંહ ચૌહાણ તેમજ બારડોલી શહેરના રાજપૂત સમાજના અગ્રણી અને ડાભા ગામના રાજપૂત સમાજના અગ્રણી જશવંતસિંહ સોલંકી, રાણા સાંગા પર થી અભદ્ર વિવાદિત ટીપણી કરવામાં આવી છે. સપા સાંસદ સુમન ને પાર્ટી માંથી તાત્કાલિક નિલંબિત કરવામાં આવે ભારતની દેશની કોઈ પણ પાર્ટી એમને સ્થાન ના આપે અને કેન્દ્ર સરકાર ભારતના ગૌરવશાળી ઇતિહાસ પર અભદ્ર ટિપ્પણી કરવા બાબતે યોગ્ય કાર્યવાહી કરી સાંસદ સભ્ય પદ પરથન નીલંબિત કરવાની માંગણી કરી.

આજ રોજ આવેદનપત્ર થકી પ્રાંત સાહેબ અને મુખ્યમંત્રીશ્રી અને પ્રધાનમંત્રી શ્રી ને આવેદનપત્ર આપ્યું છે. જ્યાં સુધી આ માંગણી પુરી ના થાય ત્યાં સુધી દક્ષિણ ગુજરાત રાજપૂત સમાજ તેમજ શ્રી કરણી સેના નો પ્રચંડ વિરોધ સતત ચાલુ રહેશે.

## ૨૦૨૬ના ચોમાસા પહેલાં અમદાવાદ તરફના ટ્રાફિકજામથી દક્ષિણ ગુજરાતના વાહન ચાલકોને છુટકારો મળી જશે

# ચોમાસા પહેલાં એના સુધી એક્સપ્રેસ હાઈવે ખોલી દેવાશે

### એનાથી નવસારીના ગણદેવા સુધીની ફક્ત ૮ % કામગીરી બાકી, ચોમાસા પહેલાં પૂરી થવાની વકી



**સુરત -** દક્ષિણ ગુજરાતના નાગરિકો જેની ખૂબ જ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે તે અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ચોમાસા પહેલાં ભરૂચથી પલસાણાના એના વચ્ચે ધમધમતો થઈ જશે. એનાથી ભરૂચ વચ્ચે પેકેજ-૫, પેકેજ-૬ અને પેકેજ-૭ની કામગીરી જૂન મહિના સુધીમાં પૂર્ણ થઈ જશે. એટલે જૂન મહિનાના અંત સુધીમાં ગમે ત્યારે ભરૂચથી એના અથવા નવસારીના ગણદેવા સુધીનો એક્સપ્રેસ હાઈવે વાહનચાલકો માટે ખુલ્લો મૂકી દેવાશે. દરમિયાન વર્ષોથી ચોમાસાની સિઝનમાં અમદાવાદ તરફ જતા ભરૂચ સુધી થતા ટ્રાફિકજામથી છુટકારો મળી જશે. દક્ષિણ ગુજરાતના નાગરિકો કોઈપણ જાતના ટ્રાફિકજામ કે અડચણ વગર સડસડાટ અમદાવાદ પહોંચી જશે. એક્સપ્રેસ હાઈવે કાર્યરત થઈ જતાં અંકલેશ્વર, સુરત, તાપી, નવસારી, વલસાડ જિલ્લાના હજારો લોકો તથા ઔદ્યોગિક એકમો સાથે સંકળાયેલા અન્ય રાજ્યોના લોકોને મોટી રાહત થઈ જશે.

અમદાવાદથી ભરૂચ સુધીનો એક્સપ્રેસ હાઈવે કાર્યરત થઈ ગયો છે. હવે ભરૂચથી એના સુધીના ૬૧.૫ કિલોમીટરના રૂટમાં ૯૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. અંકલેશ્વરથી કીમ વચ્ચે કોઈક કોઈક જગ્યાએ કામગીરી બાકી છે. જ્યારે કીમથી એનાગામ વચ્ચે રસ્તાની કામગીરી પૂરી થઈ ચૂકી છે. તાપીનદી પરનો બ્રિજ અને રેલવે ઓવરબ્રિજના ફિનિશિંગની જ કામગીરી બાકી છે. જ્યારે એનાથી નવસારીના ગણદેવા સુધીના પણ ૯૨ ટકા કામગીરી પૂરી થઈ ચૂકી છે. ૮ ટકા કામગીરી જૂન મહિના સુધીમાં પૂર્ણ કરી દેવાશે. ચોમાસા પહેલાં નવસારી સુધીનો એક્સપ્રેસ નહીં બને તો પણ ગમે તેમ કરીને ભરૂચથી એના સુધીનો એક્સપ્રેસ હાઈવે ખુલ્લો મૂકી દેવાશે. જેથી કરીને સુરતથી ભરૂચ વચ્ચે થતાં ચક્કાજામથી લોકોને છુટકારો મળી જાય.

**સુરતીઓ પલસાણાના એના ગામ અને કીમથી એક્સપ્રેસ હાઈવે પર એન્ટ્રી મેળવી શકશે**

**અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસ હાઈવે એના સુધી ખુલ્લો મૂકી દેવામાં આવે ત્યારબાદ અમદાવાદ જનારાઓ સુરતીઓ માટે એક્સપ્રેસ હાઈવે પર એન્ટ્રી લેવા માટે બે વિકલ્પ ઉપલબ્ધ હશે. પહેલો વિકલ્પ પલસાણા નજીકનું એના ગામ, બીજું કીમ. આ બંને સ્થળેથી એન્ટ્રી અને એક્ઝિટ થઈ શકાશે. એના ગામ પાસે વિશાળ એન્ટ્રી અને એક્ઝિટ બનાવીને તૈયાર કરી દેવાયા છે. જ્યારે કીમ પાસે એન્ટ્રી-એક્ઝિટની કામગીરી ચાલી રહી છે.**

## તાપી પોલીસની એક નવી પહેલ, રસ્તા પર વધી રહેલા અકસ્માતનું પ્રમાણ ઘટાડવા તાપી જિલ્લાના ઉછેર નિઝર કુકરમુંડા તાલુકામાં વાહન ચાલકોને મફ્ત હેલ્મેટ વિતરણ કરાયા








**તાપી-** લોકોમાં જન જાગૃતિ ના ભાગરૂપે તાપી જિલ્લા પોલીસ દ્વારા સ્થાનિક આદિવાસી બોલી ભાષા ના બેનરો રસ્તે લગાવામાં આવ્યા અને વાહન ચાલકોને વિના મૂલ્યે હેલ્મેન્ટ વિતરણ કરી લોકોને જાગૃત કરવાનાઓ નવો અભિગમ પોલીસ દ્વારા અપનાવામાં આવ્યો છે.

તાપી જિલ્લામાં દિન પ્રતિદિન અકસ્માત ન બનાવો સામે આવતાં હોય છે જેમાં ખાસ કરીને ટુ વ્હીલર ચાલકો ન અકસ્માત નું પ્રમાણ વધુ હોય છે અને આ અકસ્માત માં હેલ્મેટ ના પહેર્યા હોવાના કારણે કેટલાક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે જેના કારણે તાપી પોલીસ દ્વારા લોકો વાહન ચલાવા માં સાવચેતી રાખે અને હેલ્મેટ નો ઉપયોગ વધુ કરે તે માટે તાપી પોલીસ દ્વારા નિઝર, કુકરમુંડા સહિત ઉચ્છલ વિસ્તારમાં સ્થાનિક આદિવાસી બોલી ભાષામાં કેટલાક મુખ્ય માર્ગો પણ બેનર લગાવવામાં આવ્યા છે અને પોલીસ દ્વારા વિના મૂલ્યે હેલ્મેન્ટ વિતરણ કરી લોકો ને જાગૃત કરવાનો નવો અભિગમ પણ અપનાવ્યો છે.

**રાજપુત સમાજ તથા હિન્દુ ધર્મ રક્ષક**

## શ્રી રાણા સાંગા પ્રત્યે અભદ્ર ટિપ્પણી કરનાર સમાજવાદી પાર્ટીના સાંસદ રામજીલાલ સુમનને તત્કાલ ધોરણથી સસ્પેન્ડ કરવા અંગે

### સુરત જિલ્લા ઓલપાડ ખાતે શ્રી રાજપુત કરણી સેના દ્વારા ઓલપાડ નાયબ પ્રાંત ને આવેદન





**સુરત-** સુરત જિલ્લા ઉપ્રમૂખ જયવિરસિંહ છાસટીયા, સુરત જિલ્લા કરણીસેના પ્રવકતા પ્રિન્સ મહિડા, ઓલપાડ તાલૂકા પ્રમૂખ સુજીતસિંહ સોલંકી ની આગેવાનીમા ઓલપાડ તાલૂકા શ્રી રાજપુત કરણી સેનાના સૌ હોદેદારો ધ્વારા રાજપુત સમાજ તથા હિન્દુ ધર્મ રક્ષક શ્રી મેવાડના રાજા મહારાણા સાંગા પ્રત્યે અભદ્ર ટિપ્પણી કરનાર સમાજવાદી પાર્ટીના સાંસદ રામજીલાલ સુમનને તત્કાલ ધોરણથી સસ્પેન્ડ કરવા અંગે મહામહિમ રાષ્ટ્રપતિ ને સંબોધિ પ્રાંત અધિકારી શ્રી ને આવેદનપત્ર આપવામા આવ્યૂ.

## એક્સપ્રેસ હાઈવે નજીક ગૌચરમાં ઝાંબુડા નીચે જુગાર રમતા શખ્સો પાસેથી રૂ.૧૩.૭૯ લાખનો મુદ્દામાલ જપ્ત

બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરતા મોટી સફળતા મેળવી છે. એલસીબી અને પેરોલ ફર્લો સ્કોડની સંયુક્ત ટીમે ધલાગામની હદમાં એક્સપ્રેસ હાઈવે નજીક ગૌચરમાં જુગાર રમતા ૭ શખ્સોને ઝડપી પાડ્યા છે.

પોલીસને મળેલી બાતમીના આધારે ઝાંબુડાના ઝાડ નીચે રેઇડ કરવામાં આવી હતી. આરોપીઓ ગંજીપાના વડે તીન પત્તીનો હાર-જીતનો જુગાર રમી રહ્યા હતા. પોલીસે દાવ પરથી રૂ.૮૫૦ અને આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.૩૮,૩૬૦ રોકડા જપ્ત કર્યા છે.

પકડાયેલા આરોપીઓમાં ભૂપતભાઈ ધડુક, શરદભાઈ ધડુક, લશ્કરભાઈ સભાડીયા, સુકેતુભાઈ ડોબરીયા, પરેશભાઈ સોજીત્રા, અરવિંદભાઈ ધડુક અને અશોકભાઈ વિરડીયાનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં રહે છે.



Date-02/04/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# વિદ્યાર્થિનીએ ફાંસો ખાવાના કેસમાં તટસ્થ તપાસ માટે મંત્રીને રજૂઆત

સોનગઢ- ઉચ્છલ તાલુકાના મૌલીપાડા ગામની એક દીકરીએ બારડોલીના ભુવાસણ ગામની આશ્રમશાળા માં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. આ પ્રકરણમાં શનિવારે મંત્રી કુંવરજીભાઈ હળપતિએ પરિવારની મુલાકાત લીધી હતી. બારડોલી તાલુકાના ભુવાસણ ગામમાં ચાલતી આશ્રમશાળામાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી રાધિકા વસાવા નામની એક વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. આ પ્રકરણમાં આશ્રમ શાળાના સંચાલકો અને સ્ટાફ ની બેદરકારી છે એવા આક્ષેપ સાથે પરિવારજનો એ તપાસની માગ કરી છે. આ બનાવમાં પોલીસની ભૂમિકા સામે પણ અરજદારો દ્વારા શંકા વ્યક્ત કરવામાં આવી છે. આ બનાવની જાત તપાસ કરવા માટે અને પરિવારને સાંત્વના આપવા માટે શનિવારે મંત્રી કુંવરજીભાઈ હળપતિ મૌલીપાડા ગામે પહોચ્યા હતાં.



આ વખતે સમસ્ત ગ્રામજનોએ ભેગા મળી રાધિકા વસાવાના આપઘાતના બનાવની તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માગ સાથેનો એક પત્ર તેમને સોપવામાં આવ્યો હતો. તેમાં આશ્રમશાળાના સંચાલકો, સ્ટાફ ના શિક્ષકો અને તપાસ કરનાર પોલીસ અધિકારીઓ સામે તટસ્થ કાર્યવાહી બાબતે શંકા વ્યક્ત કરવામાં આવી હતી અને દીકરીના પરિવારજનોને ન્યાય મળે તે માટે રજુઆત થઈ હતી.

એ સાથે ભોગ બનનાર દીકરીના પરિવારજનોને આર્થિક સહાય પણ આપવામાં આવે તેવી રજૂઆત પણ કરી હતી. મંત્રી કુંવરજી હળપતિએ કહ્યું કે પી એમ રિપોર્ટ અને સીસીટીવી કેમેરાના આધારે જે પણ તથ્ય બહાર આવશે તે મુજબ આ પ્રકરણમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

# જિલ્લા સેવા સદન ખાતે પ્રાકૃતિક કૃષિ સંદર્ભે સમીક્ષા બેઠક યોજવામાં આવી

## ગામે ગામ કેમ્પ યોજીને વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડો: કલેકટરશ્રી ડો. વિપિન ગર્ગ

**તાપી-**વ્યારા કલેક્ટર કચેરી ખાતે આજરોજ આત્મા પ્રોજેક્ટ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ સમીક્ષા બેઠક કલેકટરશ્રી ડો. વિપિન ગર્ગ ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા કેમિકલ યુક્ત ખેતીને દૂર કરવા તેમજ સ્વાભાવિક ખેતીને ઉત્તેજન આપવા માટે પ્રાકૃતિક પદ્ધતિથી વધુને વધુ ખેડૂતો ખેતી કરે તેવા આશયથી પ્રાકૃતિક કૃષિને ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. સમીક્ષા બેઠકમાં તાપી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે થઈ રહેલ કામગીરીની વિગતો કલેકટરશ્રી દ્વારા મેળવવામાં આવી હતી.





આપણા તાપી જિલ્લામાં ગાય આધારિત ખેતી કરતા ૧૦૧૯ ખેડૂતો છે, તેમજ ખરીફ પાકોનું વાવેતર કરનારા ખેડૂતોમાં આ વર્ષે ૭૧૭૦ ખેડૂતોનો વધારો થયો છે. આમ તાપી જિલ્લામાં કુલ ૨૪૫૫૨ ખેડૂતો ચાલુ વર્ષેબપ્રકૃતિક ખેતી કરતા થયા છે. ઉપરાત ગાય આધારિત ખેતી કરતા ખેડૂતો કુલ ૧૩૫૭ એકર વિસ્તારમાં આ ખેતી કરે છે જયારે સમગ્ર જિલ્લામાં કુલ ૧૧૮૧૬ એકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે.

૫ ગ્રામ પંચાયતના બનેલા કલસ્ટરમ તમામ ૭ તાલુકાઓમાં ૬૦ કલસ્ટર કાર્યરત છે જેમાં ખરીફ સિઝનની ૧૨૦૮ તાલીમોથી ૩૦૦૩૭૩ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ ચાલુ વર્ષમાં આપવામાં આવી છે જે લક્ષ્યાંકના ૧૦૦% છે. જયારે રવિ સીઝનની તાલીમ હજુ સુધી ૩૩% એટલેકે ૪૦૪ આપવામાં આવી છે. આ માટે તમામ કલસ્ટર માં એક એવા ટેકિનકલ માસ્ટર ટ્રેનરોની નિમણૂંક કરવામાં આવી છે. એફ પીઓ, ગૌશાળા, પાંજરાપોળ તેમજ ગૌશાળા ને સહાય પેટે જિલ્લામાં ૨ લાખ ૪૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે. ખેડૂત ગ્રુપ, સખી મંડળોને કુલ ૬ લાખ જયારે દેશી ગાઉના નિભાવ ખર્ચ યોજના અંતર્ગત ૭૪ લાખ જેટલા નાણાં ચુકવવામાં આવ્યા છે. પ્રાકૃતિક ખેતી અપનાવેલા ૪૬૨૧ ખેડૂતોની આઇ ખેડૂત પોર્ટલ પર એન્ટ્રી કરવામાં આવી છે. કલેકટરશ્રીએ બેઠકમાં જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતીને વિચાણ બનાવવા માટે ગામે ગામ કેમ્પ યોજવા તેમજ જે લોકો પ્રાકૃતિક ખેતી કરે છે તેમને સર્ટિફિકેટ આપવા સૂચન કર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રામનિવાસ બગુલિયા, એસ.પી શ્રી રાહુલ પટેલ, આર.એ.સી શ્રી આર. આર. બોરડ તેમજ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ અને પ્રગતિશીલ ખેડૂતો જોડાયા હતા.

# કરોડોના ખર્ચ પછીયે પાંચ વર્ષમાં ૧૮,૨૩૧ નવજાત શિશુના મોત

કુપોષણમુક્ત ગુજરાતના બણગા ફૂંકવામાં આવી રહ્યા છે. સાથે સાથે કુપોષણ પાછળ કરોડોનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે તેમ છતાં બાળ મૃત્યુદરમાં સુધારો થઈ શક્યો નથી. કેગના રિપોર્ટમાં એવો ખુલાસો થયો છે કે, છેલ્લાં પાંચેક વર્ષમાં જ જન્મના ૨૪ કલાકમાં ૧૮,૨૩૧ નવજાત શિશુઓના મૃત્યુ થયા છે. આ ઉપરાંત ૮૩,૫૩૮ નવજાત શિશુઓ એક વર્ષ પણ જીવિત રહી શક્યા નહીં. આમ, ગુજરાત સરકાર કુપોષણને કાબૂમાં લેવામાં સંદતર નિષ્ફળ નિવડી છે.



ગુજરાતમાં સગર્ભાઓના પોષણના, નામે લાખો કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેમ છતાં ઓછું વજન અને અપૂરતી વૃદ્ધિ ધરાવતાં કુપોષિત બાળકોની સંખ્યા વધી રહી છે. સાથે સાથે નવજાત શિશુઓનો મૃત્યુદર પણ વધી રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ગુજરાત સરકારે કુપોષણ પાછળ રૂ.૫૦૯ કરોડનો ખર્ચ કર્યો છે તેમ છતાં આજે ગુજરાતમાં ૫.૪૦ લાખ બાળકો કુપોષિત છે. પૂરતા આહાર-વિટામીનને લીધે કુપોષણનું પ્રમાણ ઘટ્યું નથી. કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવી રહ્યું છે તેમ છતાંય કુપોષણની લડાઈમાં અન્ય રાજયની સરખામણીમાં ગુજરાત ઘણું પાછળ રહ્યું છે. કેગના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, વર્ષ ૨૦૧૭-૧૮થી માંડીને વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં જન્મના ૨૪ કલાકમાં મૃત્યુ પામ્યા હોય તેવા નવજાત શિશુઓની સંખ્યા ૧૮,૨૩૧ છે. આનો અર્થ એ છે કે, દર વર્ષ સરેરાશ ૩૦૦૦ શિશુ હોસ્પિટલના બિછાને જ મોતને ભેટે છે. પાંચ વર્ષમાં ૮૩,૫૩૮ નવજાત શિશુઓ સારવાર છતાંય એક વર્ષ પણ જીવિત રહી શક્યા નથી.

# સુરત મનપાની આરોગ્ય ટીમો એલર્ટ બની, ફૂડ લાઈસન્સ વગરની દુકાનોમાં પાણીપુરી બરફ ગોલાનું વેચાણ બંધ કરાવ્યું



સુરત- ઉનાળાની સીઝન શરૂ થતા જ શહેરમાં ડાયરીયા, ઝાડા ઉલટી અને તાવની બીમારી ઝડપથી ફેલાઈ રહી છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ દરરોજ ૫૦થી વધુ ગંભીર દર્દીઓ સરકારી હોસ્પિટલમાં આવી રહ્યા છે. વધતા સંક્રમણને જોતા મનપાના આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી છે. લાઇસન્સ વગરના પાણી પુરી અને આઈસ ગોલા સ્ટોલ પર કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આવનાર દિવસોમાં પણ આ ડ્રાઈવ વધુ સઘન કરવામાં આવશે.

શહેરમાં સતત વધી રહેલા ડાયરીયા, ઝાડા ઉલટીના કેસોને ધ્યાને લેતા, મનપાએ લાઈસન્સ વગરની દુકાનોમાં વેચાતા પાણી પુરી, આઈસ ગોલા અને બરફથી બનેલા ખાદ્ય પદાર્થો પર તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો છે. આરોગ્ય વિભાગની વિશેષ ટીમોએ સ્ટ્રીટ ફૂડ વેચાણકર્તાઓ સામે કાર્યવાહી શરૂ કરી છે અને મિલાવટયુક્ત ખાદ્ય પદાર્થોની તપાસ માટે અભિયાન ચલાવ્યું છે. અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ દુકાનો પર ચેકીંગ કરવામાં આવી છે, અને ૨૫૦થી વધુ ખાદ્યપદાર્થોના સેમ્પલ માટે લેબ ટેસ્ટ માં મોકલવામાં આવ્યા છે.

ડાયરીયા ફેલાવાનુંમોટુંકારણ દુષિત પાણી ડોક્ટરોના જણાવ્યા મુજબ, દર્દીઓને ઉલટી, દુખાવા, તેજ તાવ અને ડિહાઈડ્રેશન જેવા લક્ષણો દેખાઈ રહ્યા છે. સામાન્ય રીતે વરસાદી સિઝનમાં ડાયરીયાના કેસ વધી જાય છે, પણ આ વર્ષે માર્ચ મહિનાથી જ ડાયરીયા પથરાઈ રહ્યો છે. ગરમીમાં પાણી પ્રદૂષિત થવાના કારણે આ બીમારી ઝડપથી ફેલાઈ રહી છે. શહેરના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની લાઈન લીક થઈ હોવાની પણ માહિતી મળી રહી છે, જેનાથી પાણી ગંદકીથી પ્રભાવિત થઈ રહ્યું છે.

આ કારણોસર ફેલાઈ રહ્યો છે ડાયરીયા આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ ઘણા કેસમાં સ્ટ્રીટ ફૂડ માટે વપરાતા પાણીની ગુણવત્તા નિમ્ન હોય છે. બરફ અને આઈસ ગોલામાં બેક્ટેરિયાનો ઊંચો સ્તર હોવાની શક્યતા હોય છે. ગટરનું પાણી પીવાના પાણીમાં ભળવાને કારણે સંક્રમણ ફેલાઈ શકે છે. ફૂડ વેચાણકર્તાઓ હાથ ધોઈયા વગર જ ખાદ્ય પદાર્થો તૈયાર કરે છે. ધૂળ-માટીએ સ્ટ્રીટ ફૂડ બેક્ટેરિયાથી સંક્રમિત કરી દીધું

# ડાયાબિટીસ, હૃદયરોગ સહિતની ૯૦૦ દવાઓના ભાવમાં આજથી વધારો

આવશ્યક દવાની કેટેગરીમાં આવતી હૃદયરોગ, જ્ઞાનતંતુ-મજજાતંતુની સમસ્યાઓ, કાન, નાક અને ગળાની તકલીફ, ન્યુરોલોજિકલ ડિસઓર્ડરની દવાઓ સહિતની ૯૦૦થી વધુ દવાઓના ભાવમાં પહેલી એપ્રિલ ૨૦૨૫થી વધારો થશે. ડાયાબિટીસ, ચેપ સામે રક્ષણ આપતી દવાઓના ભાવમાં પણ વધારો થશે. આ ભાવ વધારો પોણા બે ટકાની આસપાસનો છે. નેશનલ ફાર્માસ્યૂટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ આ ભાવ વધારાને મંજૂરી આપી છે. દર વર્ષે આ વધારો આપવામાં આવે છે. આગળના વર્ષના ૨૦૨૪ના હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સની



વધઘટને આધારે આ ભાવ સુધારો કરવામાં આવે છે. ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડરના ફકરાં નંબર ૧૬(૨)માં મેન્યુફેક્ચરર્સને હોલસેલ પ્રાઈસ ઇન્ડેક્સના વધારા પ્રમાણે દવાના ભાવમાં વધારો કરવાની છૂટ આપવામાં આવેલી છે.

૨૦૨૩ ની હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સની તુલનાએ ૨૦૨૪માં જોવા મળેલા વધારાને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત વધારો માન્ય રાખવામાં આવ્યો છે.

# માખીગા પાસેથી ૧૬.૪૯ લાખનો દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પડાયું

**પલસાણા-** હાઈવે ૪૮ પર માખીગા ગામ પાસેપોલીસે કન્ટેનર માંથી વિદેશી દારૂના જથ્થા સહીત કુલ્લે કિ. ૨૬,૫૫,૯૫૨- ના મુદ્દામાલ સાથે ટ્રક ડ્રાઈવરને ઝડપી પાડીને આંતરરાજય વિદેશી દારૂનું નેટવર્ક ઝડપી પાડ્યું હતું.

પલસાણા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી. કે. મુંબઈ તરફથી ‘એક ટાટા કંપનીના કન્ટેનર નં-ઊંઅ-૨૫-અઇ-૫૫૩૬ નો ચાલક વિદેશીદારૂનો ભરીને આવી રહ્યો છે. અને વડોદરા તરફ જનાર છે. જે બાતમી હકિકતના આધારે એલ. સી. બી. સ્ટાફના માણસો દ્વારા મૌજે માખીગા ગામની સીમમાં મુંબઇ થી અમદાવાદ જતા ને. હા. નં-૪૮ ઉપર આવેલ સાબર હોટલની સામે પટેલ સ્ટીલની પાસે રોડ ઉપર વોચ ગોઠવી હતી.

દરમિયાન બાતમીનાં વર્ણન વાળો ટ્રક ત્યાંથી પસાર થઈ રહી હતી. ત્યારે પોલીસે તેને અટકાવીને તપાસ કરતા ટ્રકમાંથી ૧. ભારતીય બનાવટના વિદેશી દારૂની વોડકા/ બીયર ટીન કુલ્લે બાટલી નંગ- ૭૭૭૬ જેની કુલ કિ.૧૬,૪૯,૩૫૨ નો જથ્થો તેમજ કન્ટેનર જેની કિંમત. ૧૦,૦૦૦,૦૦ , મોબાઈલ નંગ ૧ કિ. રૂ ૫૦૦૦ રોકડા રૂ. ૧૬૦૦ મળી કુલ૨૬,૫૫,૯૫૨ મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. ત્યાર બાદ પોલીસે ટ્રક ચાલક- રામજીવન સદરામ બિશ્નોઇ( રાજસ્થાન) ની અટક કરી હતી. જયારે તેના અન્ય સાથી બુલેગારો મનોજ બિશ્નોઈ (રાજસ્થાન) ને વોન્ટેડ જાહેર કરી તમામ ની વિરુધ પ્રોહી. એકટ હેઠળ ગુનો નોંધ્યો છે

# જિલ્લામાં આરોગ્ય આધારિત દારૂ પરમિટ માટે ૨ વર્ષમાં ૭૨૨૭ અરજી

**બારડોલી-** સુરત શહેર અને જિલ્લામાં આરોગ્યના કારણોસર દારૂ પીવાની પરમિટ મેળવવા માટે અરજીઓનો ધસારો યથાવત જોવા મળી રહ્યો છે. વિધાનસભામાં રજૂ થયેલા આંકડાઓ અનુસાર, છેલ્લા બે વર્ષમાં સુરતમાં કુલ ૭૨૨૭ અરજીઓ વિભાગને પ્રાપ્ત થઈ છે.

તા. ૩૧-૧-૨૦૨૫ની સ્થિતિએ નોંધાયેલી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન સુરતમાં સૌથી વધુ ૪૨૪૨ અરજીઓ આવી હતી. જો કે, ત્યારબાદના વર્ષ ૨૦૨૪-૨૫માં આ સંખ્યા ઘટીને ૨૯૮૫ થઈ હતી, તેમ છતાં અરજીઓનો આંકડો નોંધપાત્ર છે.

મંજૂર કરાયેલી અરજીઓની વાત કરીએ તો, સુરતમાં આરોગ્ય આધારિત દારૂ પરમિટ માટે કુલ ૬૯૭૫ અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. જયારે, ૧૧૧ અરજીઓ વિવિધ કારણોસર નામંજૂર કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૩૬૬ અરજીઓ મંજૂર થઈ હતી અને ૭૦ નામંજૂર, જયારે વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૬૦૯ અરજીઓ મંજૂર અને ૪૧ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી.

આ ઉપરાંત, તબીબી પ્રમાણપત્રો માટે હોસ્પિટલોની રોગી કલ્યાણ સમિતિ દ્વારા સ્વીકારવામાં આવેલી રકમ પણ સુરતમાં નોંધપાત્ર રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રૂ. ૨,૭૮,૮૦,૦૦૦ અને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૩,૬૪,૬૫,૦૦૦ની આવક નોંધાઈ છે. આમ, છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૬,૪૩,૪૫,૦૦૦ની રકમ રોગી કલ્યાણ સમિતિને પ્રાપ્ત થઈ છે.

આ આંકડાઓ દર્શાવે છે કે સુરત શહેરમાં આરોગ્યના કારણોસર દારૂની પરમિટ મેળવવા માંગતા લોકોની સંખ્યા હજુ પણ ઘણી વધારે છે. અરજીઓની આટલી મોટી સંખ્યા અને મંજૂરીની પ્રક્રિયા સંબંધિત વિભાગ માટે એક મહત્વપૂર્ણ બાબત છે.

# માધવપુરનો મેળો ૬ એપ્રિલથી થશે શરૂ, શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણીજીના વિવાહ ઉત્સવની ઉજવણી કરાશે

ગુજરાતના પોરબંદર નજીક માધવપુર ઘેડનો મેળો યોજાય છે. દર વર્ષે ચૈત્ર મહિનામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે આગામી ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન ઘેડના મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



સૌરાષ્ટ્રના દરિયા કિનારે પોરબંદર જિલ્લામાં યોજાવનારા માધવપુર મેળામાં ઉત્તર પૂર્વ તથા ગુજરાતના લોક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે. જેમાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીની લગ્નકથા, ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીનો પ્રેમ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો નીહાળવા મળશે. આ સાથે મેળામાં ગુજરાત સહિત ઉત્તર પૂર્વના રાજયોના હસ્તકલાના કારીગરોને સ્ટોલ આપીને ઉદ્યોગ સાહસિક બનાવવા માટે પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવશે.

પોરબંદરથી ૪૬ કિલોમીટર દૂર પૌરાણિક ઐતિહાસિક અને વિરાસત ધરાવતું માધવપુર ગામ ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીના વિવાહનું સાક્ષી હોવાનું માનવામાં આવે છે. માધવપુર ઘેડ મેળામાં ચાર દિવસ બાદ પાંચમા દિવસે દ્વારકામાં માતા રુક્ષ્મણીનો સત્કાર સમારંભ ભવ્ય રીતે ઉજવાય છે.

# તાપી જિલ્લામાં હડતાળ પર ઉતરેલા ૨૧૩ આરોગ્ય કર્મીઓને છૂટા કરાયા

વ્યારા- તાપી જિલ્લામાં થોડા દિવસ પહેલા આરોગ્ય કર્મચારી વિભાગના ૪૦૦ જેટલા કર્મીઓએ વિવિધ પ્રશ્નોને લઈને હડતાલ કરી હતી. જિલ્લાના ૨૪૦ સબ સેન્ટર અને ૩૯ પીએચસી પર આરોગ્ય સેવાઓ ખોરવાઈ હતી. જેથી તેમને ફરજ પર હાજર થવા નોટિસ અપાઇ હતી. જેથી ૨૭૪ કર્મચારીઓ હડતાળ બંધ કરી ફરજ પર આવી ગયા હતા. જયારે હાજર ન થનારા ૨૧૩ જેટલા કર્મચારીઓને હાલ છૂટા કરાયા છે.

તાપી જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના નેજા હથળ વિવિધ જિલ્લાઓમાં આરોગ્ય કર્મચારીઓ વિવિધ પડતર પ્રશ્નોને લઈને૧૭/૩/૨૫ થી ૨૦/૩/૨૫ ચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા હતા. જેમાં ઘરણા ઓનલાઇન ઓફલાઈન કામગીરી બંધ આરોગ્ય સેવા ને ખોરવી હતી. જિલ્લાનાં ૪૦૦ જેટલા કર્મચારીઓને લઈને મહિલા અને બાળ આરોગ્ય સેવા મમતા દિવસ રોગચાળાના સર્વેક્સ અટકી પડ્યા હતા. બીજી તરફ આરોગ્ય વિભાગ દ્વારા હાજર રહેવા માટે હડતાળ પર ઉતરેલા કર્મચારીઓને લેખિતમાં નોટિસ આપી હતી. જોકે હડતાળ ધારકો યથાવત રાખતા છેવટે તાપી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૪૦૦ કર્મચારીઓને છુટા કરવાની નોટિસ આપી દીધી હતી. જેને લઈને આરોગ્ય વિભાગની નોટિસને લઈને આરોગ્ય વિભાગની નોટીસને લઈને ૨૫૭૪ જેટલા કર્મચારીઓ હડતાળ સમિતિ ફરજ પર હાજર થઈ ગયા હતા જયારે ૨૧૩ જેટલા કર્મચારીઓ ને છુટા કરી દેવાયા હતા.

વિવિધ પટલ પ્રશ્નોને લઈને તાપી જિલ્લામાં ૪૮૭ જેટલા કર્મચારીઓ હડતાળમાં જોડાયા હતા. જે તમામ કર્મચારીઓને છૂટા કરવા માટેનો પત્ર આપ્યો હતો. જેમાં ૨૭૪ કર્મચારીઓ હડતાળ સમિતિ ફરજ પર હાજર થઈ ગયા હતા. જયારે ૨૧૩ જેટલા કર્મચારીઓ હાજર ન થતા તેમને છૂટા કરવામાં આવ્યા હતા. કર્મચારી હડતાળ પર ઉતર્યા હતા તે વેળાનો ફાઇલ ફોટો અને તેમને અપાયેલી નોટિસ તાપી જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના નેજા હેઠળ આરોગ્ય કર્મચારીઓ દ્વારા હડતા પડતા જિલ્લાના ૨૭૯ આરોગ્ય સેન્ટરો પર સેવાઓ બંધ થતા દર્દી અટવાયા હતા, તાપી જિલ્લામાં ૨૪૦ સબ સેન્ટરો અને ૩૯ પીએચસી સેન્ટર ઉપર અંદાજિત ૫૦૦ જેટલી સગર્ભા મહિલાઓને જરૂરી તપાસ રસીકરણ આરોગ્ય શિક્ષણની કામગીરી જેની અસર લાંબી પડી રહી હતી કર્મચારીઓ પોતાની માંગણીઓ માટે અડગ રહ્યા હતા, જેમાં મલ્ટી પર્પસ હેલ્થ વર્કર, મલ્ટી પર્પસ હેલ્થ સુપરવાઇઝર, ફિમેલ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઇઝર, કેડરના કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા, જેના કારણે આરોગ્યની સેવાઓ પર ગંભીર અસરો પડી રહી હતી.

તાપી જિલ્લા ખાતે હડતાલ પર ઉતરેલા કર્મચારીઓ પૈકી ૨૭૪ કર્મચારીઓ હડતાળ સમેટી લેતા હાજર થયા છે.૨૧૩ આરોગ્ય કર્મચારીઓ ને છુટા કરવાની ફરજ પડી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........


તંત્રી– હિમાંશુસિંહ ઠાકોર

### આપણેને ટેક્નોલોજીનો થાક કેમ લાગી રહ્યો છે?

સોશ્યલ મીડિયા એન્ટી-સોશ્યલ બની ગયું છે તેનું મુખ્ય કારણ એ છે કે તેમાં બે આંખની શરમ નથી નડતી. બે માણસો જયારે રૂબરૂમાં મળે, ત્યારે બંને વચ્ચે માત્ર વાતોની આપ-લે નથી થતી, તેમની વચ્ચે શરીરની ભાષાનો પણ વિનિમય થાય છે. બંને એકબીજાને આંખથી જુવે પણ છે, અને મનથી સાંભળે પણ છે. નોન-વર્બલ કોમ્યુનિકેશન માણસો વચ્ચેના સંવાદનું અગત્યનું પાસું છે. સંવાદો સાર્થક અને સમજપૂર્વકના બનવા પાછળ શબ્દો ઉપરાંત ઘણાં પરિબળો કામ કરે છે. સોશ્યલ મીડિયામાં તેની ગેરહાજરી હોય છે, એટલે મોટાભાગના સંવાદો મિસ-કોમ્યુનિકેશનમાં પરિણમે છે.

આવી જ સ્થિતિ વીડિયો કોલની થઇ છે. કોરોના વાઇરસની મહામારીમાં વીડિયો કોમ્યુનિકેશનમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. પ્રેસિડેન્ટ અને પ્રધાનમંત્રીથી લઈને વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ સુધીના કરોડો લોકોએ આ આખું વર્ષ વીડિયો કોલ મારફતે તેમની ગતિવિધિઓ જાળવી રાખી હતી. ખાસ કરીને ઝૂમ જેવી એપ્લિકેશને સોશ્યલ ડિસ્ટન્સિન્ગ વચ્ચે આખી દુનિયાનો સંવાદ અને સંપર્ક વગર જ જાળવી રાખ્યો હતો. ટેક્નિકલી વીડિયો કોન્ફરન્સિંગ અડધી સદીથી પણ જૂની ટેક્નોલોજી છે, પરંતુ પાછલા એક વર્ષમાં અચાનક જ તેનો ઉપયોગ એટલો વધી પડ્યો, જેટલો એક દાયકામાં થયો હોત.

તેનો ફાયદો એટલે જ તે સૌથી હાથવગું માધ્યમ બની ગયું, પણ હવે વર્ચુઅલ મિટિંગની આડઅસરો પર પણ લોકોનું ધ્યાન પડવા માંડ્યું છે. જે લોકોએ લગાતાર ઝૂમ એપ્લિકેશન પર કોન્ફરન્સ કરી છે, મિટિંગો કરી છે, ક્લાસ ભર્યા છે, વેબિનાર યોજયા છે કે ઓફિસનું કામ કર્યું છે તેમણે એવી પણ ફરિયાદ કરી છે કે આ પ્રકારના ટેક્નોલોજિકલ સંવાદમાં તેમની ઊર્જા બહુ ખર્ચાઇ જાય છે. વૈજ્ઞાનિકોએ તેને એક નામ પણ આપ્યું છે; ઝૂમ ફટીગ, એટલે કે ઝૂમ મિટિંગથી આવતી થકાવટ. સૌથી વધુ સ્કૂલી બાળકો અને તેમનાં પેરેન્ટ્સ અને કોલેજના વિદ્યાર્થીઓ આનાથી બહુ પરેશાન છે.

અમેરિકાની સ્ટેન્ડફોર્ડ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાનો એક તાજો અભ્યાસ અમેરિકન સાઇકોલોજિકલ એસોસિયેશનની પત્રિકા ટેક્નોલોજી, માઈન્ડ એન્ડ બિહેવિયર માં પ્રકાશિત થયો છે. તેમાં ઝૂમ મિટિંગથી આવતી માનસિક થકાવટનાં ચાર મુખ્ય કારણો શોધવામાં આવ્યાં છે; એક, વધુ પડતો નજીકનો આઇ-કોન્ટેક્ટ, જે જેલની કોટડીમાં થતી ઊલટતપાસ જેવો અહેસાસ કરાવે છે. તમે ન બોલતા હો તો પણ તમારી પર બધાની નજર ફરતી હોય. બે, સતત પોતાનો જ ચહેરો જોતા રહેવાથી આત્મવિશ્વાસ ડામાડોળ થઇ જાય છે. ત્રણ, સતત લાંબા સમય સુધી બેસી રહેવાની મજબૂરી અને ચાર, સામેવાળી વ્યક્તિની દેહ ભાષા (બોડી લેંગ્વેજ) સમજમાં નથી આવતી.

માણસ સામજિક પ્રાણી છે. તે બીજી વ્યક્તિ સાથેના ઈન્ટરેક્શનમાં માત્ર શબ્દોની આપ-લે નથી કરતો. તે ભાવનાઓની પણ આપ-લે કરે છે. આપણે દિમાગથી સમજીએ છીએ, પણ દિલથી સાંભળીએ છીએ. વર્ચુઅલ ઈન્ટરેકશન આની ગેરહાજરી હોય છે. આપણે કોઈને રૂબરૂ મળીને વાત કરીએ, તો એ વ્યક્તિ આપણી સાથે વાત કરે ત્યારે તેની બોડી લેંગ્વેજ, અવાજનો ટોન, આંખોના ભાવ પણ તેની વાતને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. પરંતુ ઓનલાઈનમાં વ્યક્તિ સદેહે નથી હોતી, એટલે આપણે તેના શબ્દોનું આપણી રીતે અર્થઘટન કરો છો. હું તમને રૂબરૂમાં એમ કહું કે 3તમને નહીં સમજાય, તો તે વખતે તમને મારા હોઠ પરનું હાસ્ય પણ દેખાશે, અને તમે પણ હસી પડશો. ફેસબુક પર આ જ વાક્યનો અર્થ તમારામાં બુદ્ધિ ઓછી છે એવો થશે. એટલા માટે ફેસબુક પર તમે ગમે તે લખો, ગેરસમજ કરનારા નીકળી જ આવશે, જે સરવાળે નકારાત્મકતામાં ઉમેરો કરશે.

વર્ચુઅલ મિટિંગમાં પણ આપણને બીજા લોકોની બોડી લેંગ્વેજ સમજમાં નથી આવતી, એટલે એ સંવાદ ભારેખમ બની જાય છે. આપણે બીજી વ્યક્તિને જોવા માટે આંખો અને દિમાગને ખેંચીને વધુ પ્રયાસ કરવો પડે છે. બોડી લેંગ્વેજને જોવી અને સમજવી અચેતન ક્રિયા છે. રૂબરૂમાં આપણે બીજી વ્યક્તિને સાંભળતા હોઈએ ત્યારે આપણું મન બેકગ્રાઉન્ડમાં તેના હાવભાવને પ્રોસેસ કરતું હોય છે, જેથી સંવાદ વધુ સાર્થક બને છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## ૬૭ મંદિરો ધરાવતું મોતા ગામ દ.ગુજરાતનું મીની પુસ્કર

**બારડોલી-** મીની કાશી તેમજ પુસ્કરના નામથી ઓળખાતું મંદિરોની નગરી મોતા ગામમાં ભારત દેશમાં ભ્રહ્માજીના ગણતરીના મંદિરો આવેલા છે તેમાનું એક બ્રહ્મા મંદિર મોતા ગામે છે અને ગામના કૂવા માથી બ્રહ્માજીની ૪ મુખની વિશેષ પ્રતિમા સ્વયંભૂ બહાર નીકળતા ગામ લોકોએ વિધિવત સ્થાપન કરી ૪ મુખ વાળી ભ્રહ્માજીની પ્રતિમા ધરાવતું વિશેસ મંદિર મોતા ગામે છે. મોતા ગામના મુકતેશ્વર મંદિર સાથે પણ પૌરાણિક દંતકથા જોડાયેલી છે જે મુજબ ભગવાન રામ જયારે રાવણનો વદ કર્યો ત્યારે એમને ભ્રહ્મ હત્યાનો પાપ લાગ્યો હતો જે પાપ માથી મુક્તિ મેળવવા પવિત્ર જગ્યા પર શિવલિંગ બનાવી શિવજીની આરાધના કરી પાપ માથી મુક્તિ મેળવવા ભગવાન રામે ભ્રામણની વસ્તી ધરાવતું મોતા ગામ પસંદ કર્યું હતું અને ગામમાં ખોબાથી માટી લઈ શિવલિંગ બનાવ્યું હતું અને એની પૂજા કરી ભ્રહ્મ



હત્યાના પાપ માથી મુક્તિ મેળવી હતી ત્યારથી એ જગ્યા પર મુકતેશ્વર મહાદેવના મંદિરનુ નિર્માણ થયું જે મહાદેવનું શિવલિંગ ભગવાન રામના હાથે બન્યું હોવાનું મનાય છે. વર્ષો પહેલા મોતા ગામ નજીક વણઝારા સમાજની વસ્તી હતી. તેઓને સનાતન ધર્મની સાથે જોડી રાખવા તેમજ ગામ લોકોની આસ્થા ટકાવી રાખવા માટે લોકોએ ફળીએ ફળીએ મંદિરો બનાવ્યા ગામમાં વસવાટ કરતાં દરેક સમાજના કુળ દેવીઓના મંદિર હળપતી સમાજના મંદિર ભાથીજી મંદિર ઓસો મંદિર તેમજ જૈન મંદિર જેવા મંદિરો બનાવવામાં આવ્યા અને લોકોમાં ધાર્મિક આસ્થા ટકાવી રાખી અને આજે આ ગામ દ.ગુજરાતનું મીની પુષ્કર ગણાય છે.

## શ્રી કાશી વિશ્વનાથ મંદિર ધામ ખાતે ડોક્ટર તારાચંદ શાહ બાપુને સનાતન સમ્રાટથી સન્માનિત કરવામાં આવ્યા







ડોક્ટર તારાચંદ શાહ બાપુને શ્રી કાશી વિશ્વનાથ મંદિર ધામ ખાતે શ્રી કાશી દળ માનશદલ માનશદળ શ્રી માનશધામના નેજા હેઠળ આયોજિત વર્ષ ૬૭ માં શ્રી રામચરિતમાનસ નવહન પારાયણ જ્ઞાન મહાયજ્ઞમાં સનાતન સમ્રાટથી સન્માનિત કરવામાં આવ્યા. ૧૧૧ બ્રાહ્મણોએ તેમનું માનસ પાઠ અને વેદ મંત્ર સાથે સ્વાગત કર્યું. શ્રી રામના રાજયાભિષેકના શુભ અવસર પર, સમગ્ર પ્રાંગણે હર હર મહાદેવ, જય શ્રી રામના નારાઓ સાથે ડોક્ટર તારાચંદ શાહનું ભવ્ય સ્વાગત કર્યું. કાર્યકારી પ્રમુખ દેવેન્દ્રકુમાર પાઠકે જણાવ્યું હતું કે તારાચંદ બાપુ શિક્ષણ ક્ષેત્રે ગૌ સેવા અને ગરીબ કન્યાઓના લગ્ન ક્ષેત્રે પ્રશંસનીય કાર્ય કરે છે.

ડોક્ટર તારાચંદનું સ્મૃતિચિહ્ન, અંગવસ્ત્રમ, શ્રી કાશી વિશ્વનાથનો દુપટ્ટો, ચાંદીનો સિક્કો, ફૂલોનો માળા આપીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે, રામના રાજયાભિષેક પ્રસંગે ૧૧ ફટાકડા પણ ફોડવામાં આવ્યા હતા. જગદગુરુ રંગનાથ આચાર્ય, ચિત્રકૂટ ધામ શ્રી વિજય કુમાર વિશ્વકર્મા, અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશ ડો. જ્ઞાન પ્રકાશ, અધિક શહેર મેજિસ્ટ્રેટ, સિદ્ધાર્થ નગર, કાશી વિશ્વનાથ મંદિર ધામના અનેક વહીવટી અધિકારીઓ, ગુપ્તચર વિભાગના અધિકારીઓ, ગુપ્તચર બ્યુરોના અધિકારીઓ સ્થળ પર હાજર હતા. શ્રી કાશી વિશ્વનાથ મંદિરના શિષ્ટાચાર મુજબ, શ્રી તારાચંદ સાહેબ બાપુએ શ્રી કાશી વિશ્વનાથ બાબાના દર્શન પણ કર્યા હતા અને પરિસરમાં આવેલા શનિદેવ મંદિર, હનુમાન મંદિર, બાબાના કછરીની પણ મુલાકાત લીધી હતી અને પૂજા કરી હતી. જગદગુરુ સુરેશાચાર્યજી મહારાજ, યોગીરાજ પાગલ બાબા પ્રયાગ પીઠાધીશ્વરે પણ ડોક્ટર તારાચંદ બાપુને આશીર્વાદ આપ્યા હતા. શ્રી કાશી વિશ્વનાથ મંદિરના પરિસરમાં રામના રાજયાભિષેક પ્રસંગે મહિલાઓએ શુભ ગીતો ગાયા. કાર્યકારી પ્રમુખ દેવેન્દ્ર કુમાર પાઠકે જણાવ્યું હતું કે આ પરંપરા બાબા તુલસીદાસના સમયથી ચાલી આવી છે.

જયારે બાબા તુલસીદાસ શ્રી કાશી વિશ્વનાથમાં શ્રી રામ કથા સાંભળવા આવતા હતા. આ જ તબક્કામાંથી, ધર્મ સમ્રાટ સ્વામી કરપત્રી જી મહારાજ, કાશીના બ્લોક વિદ્વાન શ્રી રામ જી કિંકર સતુઆ બાબા શ્રી રામ કથાનું વર્ણન આ જ તબક્કામાંથી કરતા હતા. પહેલા દિવસે, માતા શ્રૃંગાર ગૌરીના દર્શન અને પૂજા, ૧૧ નારિયેળ ચઢાવીને ૩૮૦ વર્ષથી રાહ જોતા નંદી મહારાજના દર્શન અને પૂજા. રામ જન્માષ્ટમી, રામ વિવાહ અને રામ રાજયાભિષેક પર ખાસ ઉજવણીનો કાર્યક્રમ છે. કથાના અંતિમ દિવસે, માતા શ્રૃંગાર ગૌરી ખાતે ૨૧૦૦૦ દીવા પ્રગટાવવાનો કાર્યક્રમ પણ છે. પોલીસ વહીવટીતંત્ર દ્વારા ભારે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર પરિસરમાં ડો. તારાચંદને અભિનંદન આપવા માટે લોકોનો મેળો જામ્યો હતો. વરિષ્ઠ પત્રકાર ચંદ્રશેખર દુબે અને વરિષ્ઠ સામાજિક કાર્યકર પત્રકાર વિજય જીનું પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૬૯ મો આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું





**બારડોલી -** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૮/૦3/૨૦૨૫ ના રોજ ૬૬૯ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે નીઃશુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન (નારાયણ સેવા) શ્રી સાઈ પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, બારડોલી તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી.

## વ્યારાના પડાવમાં મૂકેલા ૫ ગેસના બાટલા ફાટતા ભીષણ આગ, અનેક ઝૂંપડા ખાક

વ્યારા- વ્યારા નગરના કાનપુરા વિસ્તારમાં મુસા રોડ પર આવેલ શાસ્ત્રી નગરની પાછળ ખુલ્લામાં શ્રમજીવીઓના ઝૂપડા આવ્યા છે. રવિવારે શ્રમજીવીઓ કામ કાજ અર્થે બહાર ગયા હતા.તે દરમિયાન દસ ક્લાકના અરસામાં બાંધકામ સાઈડના મજૂરોના પડાવમાં આકસ્મિક રીતે ગેસના બોટલમાં બ્લાસ્ટ થયા હતા. જેને લઇ નજીકમાં રહેલા અન્ય ૪ જેટલા બાટલા પણ ફાટ્યા હતા. જેથી ભયંકર આગ લાગતા દસથી વધુ કાચા મકાનઓ આગની ઝપેટમાં આવતા મકાનોમાં નુકશાન થયું હતું. આ બ્લાસ્ટ ગેસના બાટલાઓમાં થયુંહતું. હજુ બ્લાસ્ટ થવાનું કારણ અકબંધ છે. હાલ વ્યારા ફાયરના જવાનોએ આગ પર કાબુમેળવ્યો છે. પરંતુ મજૂરોના દસ જેટલા કાચા મકાનોના



પડાવમાંથી ૨૦ થી વધુ ગેસના બાટલાઓ મળી આવતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે, સંબંધિત વિભાગ અહીં આટલી મોટી સંખ્યામાં ગેસના બાટલાઓ આવ્યા ક્યાંથી એ બાબતની પણ તપાસ કરે તો, સત્ય ખુલી શકે છે.

ઘટના સ્થળે ચારથી પાંચ ગેસની બોટલો ફૂટી ગયેલી હાલત માં મળી હતી. ફાયર વિભાગની ટીમે જીવના જોખમે ૨૦ થી વધુ બોટલોને બહાર કાઢી નાખી હતી ત્યારે આટલી બધી બોટલો આવી ક્યાંથી તે બાબતની તપાસ કરવી પણ જરૂરી છે. પડાવ માં રહેતા શ્રમજીવીઓ કામકાજ અર્થે બહાર ગયા હોવાથી તેના નામ સરનામાં જાણી શકાય ન હતા. બીજી તરફ શ્રમજીવ્ય બહાર ગયા હોવાને લઈને અકસ્માતના સમયે કોઈ ન હોય મોટી જાનહાની અટકી હતી.

વ્યારામાં આગ ના બનાવ માં દોઢ ક્લાકમાં કાબુમેળવી લેવાયો છે. ઝુંપડામાંથી આશરે ૨૨ થી ૨૩ જેટલાં ગેસ ભરેલા રાંધણ ગેસના બોટલ કાઢેલ છે. જેમા થી આશરે ૪ જેટલા બોટલ બ્લાસ્ટ થયેલ છે.

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આગામી ૫ દિવસ કમોસમી વરસાદની શક્યતા

ગાંધીનગર- ગાંધીનગરમાં આજે બપોર સુધીમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રી સુધી પહોચવાની શક્યતા છે. આજે સવારે શહેરમાં ૨૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે રાજયમાં આગામી ૫ દિવસ છૂટાછવાયા કમોસમી વરસાદી ઝાપટા પડશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ગાંધીનગરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે અને સાંજે ઠંડક અનુભવાય છે, જયારે બપોરે આકરી ગરમી પડે છે. ગઈકાલે સોમવારે બપોર સુધીમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોચ્યો હતો. આજે મંગળવારે હવામાન મોટેભાગે તડકાવાળું અને ખૂબ ગરમ રહેશે. મહત્તમ



તાપમાન ૩૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી રહેવાની સંભાવના છે. સાંજે તાપમાન ૨૮ ડિગ્રી રહેશે અને ૮ માઈલ પ્રતિ કલાકની ઝડપે હળવો પવન ફૂંકાશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# શેરડીના ભાવ જાહેરઃદક્ષિણ ગુજરાતની ૭ સુગર મિલોમાં શેરડીના ટનના ભાવ જાહેર, મોઘવારીની સામે સંતોષકારક વધારો ન મળ્યો

**બારડોલી-** સોમવારે દક્ષિણ ગુજરાતની ૭ સુગર મિલોમાં શેરડીના ટન દીઠનો ભાવ જાહેર કરવા સાંજે બોર્ડ બેઠકો મળી હતી. જેમાં સુગર મિલોએ અલગ અલગ ભાવ જાહેર કર્યા હતા. જેમાં હાલની મોઘવારી જોતા ખેડૂતોને સંતોષકારક ભાવ આ વર્ષે પણ મળ્યો નથી. દર વર્ષે ટનનો ભાવ ૪ હજારનો આંકડો પાર થાય, એવી આશા રખાય છે પરંતુ આખરે ભાવ જાહેર થતા નિરાશા મળી હતી. ગત વર્ષની સરખામણીમાં ૩૮ રૂપિયાથી ૧૨૯ રૂપિયાનો ભાવ વધારો મળ્યો છે, જેમાં ચલથાણ સુગર ૩૦ રૂપિયા અને ગણદેવી સુગર ૫૪ રૂપિયાનો ભાવમાં ગત વર્ષની સરખામણીએ ઘટાડો થયો છે. જોકે સૌથી વધારે ભાવ આ વખત પણ ગણદેવી સુગર ૩૫૫૧ રૂપિયા જાહેર કર્યો છે. જયારે સૌથી ઓછો ચલથાણ સુગરનો ૩૧૭૬ રૂપિયા ભાવ જાહેર થયો છે. અન્ય સુગર આ બે ભાવ વચ્ચે ભાવ જાહેર કર્યો હતો. જોકે, ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવો હોય, અને શેરડીની ખેતીથી વંચિત કરવા નહી હોય તો, સરકાર મીનીમમ સેલિંગ પ્રાઈઝમાં વધારો કરવાની જરૂર છે.

વર્ષ ૨૦૧૯ માં ૩૧૦૦ એમ. એસ. પી. રાખી હતી, છ વર્ષે પણ એજ ભાવ છે. જેમાં વધારો કરવામાં આવે તોજ ખેડૂતોને ખેતીના ખાતર, પાણી, મજૂરી સામે આ ભાવ સારા મળ્યા નથી. સરકારે એમ. એસ. પી. (મીનીમમ સેલિંગ પ્રાઈઝ) માં વધારો કરવાની જરૂર છે. ખેડૂત સમાજની ૪૨૦૦ એમ.એસ.પી.ની માંગણી છે. શેરડીનું હબ ગણાતું દક્ષિણ ગુજરાતમાં સરકાર યોગ્ય પગલાં નહીં લે તો, ખેડૂતો શેરડીની ખેતીથી વિમુખ થઈ જશે. હબ મટી જશે. ઘણા ખેડૂતો આંબા, નીલગીરી, કેળ સહિત શાકભાજી તરફ વળી રહ્યા છે. - પરિમલભાઈ પટેલ, પ્રમુખ, સુરત જિલ્લા ખેડૂત સમાજ



ખેડૂતોએ કહ્યુ.... શેરડી કાપણી લગભગ ૧૮ માસે પૂરી થતી હોય છે. સાથે શેરડીના ટનના ભાવ બાદ ત્રણ હપ્તાથી રૂપિયા પણ ૨૪ માસ મળી રહેતા હોય છે. મોઘવારી વધતી રહે, ખાતર, પાણી, મજૂરી સહિત ભાવ દરવર્ષે વધતો રહે, પણ શેરડીનો ભાવ દર વર્ષે ખાસ વધતો જ નથી. જેથી આ ભાવ પણ મોઘવારી દ્રષ્ટિએ સંતોષકારક નથી.

**ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલમાં પિલાણ થયેલ શેરડીના ભાવ તા. ૧થી ૧૫ અને ૧૬થી ૩૧ના અલગ જાહેર કર્યા છે. ત્રણ મહિનાની ૧ થી ૧૫ સુધીના ભાવ હોય, એની સરખામણીમાં ૧૫ થી ૩૧ સુધીના રૂ. ૫૦ વધારે આપ્યા છે**



## ખાંડની એમ.એસ.પી. વધારોઃ ખેડૂત સમાજપ્રમુખ

ખેડૂતોને ખેતીના ખાતર, પાણી, મજૂરી સામે આ ભાવ સારા મળ્યા નથી. સરકારે એમ.એસ.પી. (મીનીમમ સેલિંગ પ્રાઈઝ) માં વધારો કરવાની જરૂર છે. ખેડૂત સમાજની ૪૨૦૦ એમ.એસ.પી. ની માંગણી છે. શેરડીનું હબ ગણાતું દક્ષિણ ગુજરાતમાં સરકાર યોગ્ય પગલાં નહીં લે તો, ખેડૂતો શેરડીની ખેતીથી વિમુખ થઈ જશે. હબ મટી જશે. ઘણા ખેડૂતો આંબા, નીલગીરી, કેળ સહિત શાકભાજી તરફ વળી રહ્યા છે. - **પરિમલભાઈ પટેલ, પ્રમુખ, સુરત જિલ્લા ખેડૂત સમાજ**

## તિથલ રોડ સાંઈબાબા મંદિર પાસે ખજૂરી ના ઝાડ મા આગ લાગી

તિથલ રોડ સાંઈબાબા મંદિર પાસે ખજૂરી ના ઝાડ મા આગ લાગી. એલેક્ટ્રિક વાયર તૂટી પડતા બે ખજુરી ના ઝાડ મા લાગી આગ વલસાડ ફાયર ટીમ ઘટના સ્થડે પોહ્ચી આગ પર કાબુ મેડવાનુ પ્રયાસ કરી રહ્યા છે.



## નવસારીના બોરિયાચ ટોલ પર ફરી ભાવ વધારોઃ માત્ર સાડા ચાર મહિના બાદ ટોલટેક્સમાં વધારો, ૧ એપ્રિલથી નવા દર લાગુ થશે



**નવસારી-** નવસારી નેશનલ હાઇવે નંબર ૪૮ પર આવેલા બોરિયાચ ટોલનાકા પર ફરી એકવાર ટોલટેક્સમાં વધારો કરવામાં આવ્યો છે. નવેમ્બર માસમાં ૭૦ ટકા જેટલો તોતિંગ વધારો કર્યા બાદ હવે ફરી વધારો કરવામાં આવ્યો છે.

આગામી ૧ એપ્રિલથી અમલમાં આવનારા નવા દર મુજબ, લાઈટ મોટર વ્હીકલ માટે હવે ૧૧૫ની જગ્યાએ ૧૨૦ રૂપિયા ચૂકવવા પડશે. કોમર્શિયલ વ્હીકલ માટે ૧૯૦ ની જગ્યાએ ૧૯૫ રૂપિયા વસઇલવામાં આવશે. બસ અને ટ્રક માટે ૩૯૫ની જગ્યાએ ૪૧૦ રૂપિયા ચૂકવવાના રહેશે.

મલ્ટીએક્સલ વાહનો માટે હવે ૬૨૦ ની જગ્યાએ ૬૪૦ રૂપિયા અને મોટા વાહનો માટે ૭૫૫ની જગ્યાએ ૭૮૦ રૂપિયા ચૂકવવાના રહેશે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા લેવાયેલા આ નિર્ણયની અસર ટોલનાકાથી રોજ પસાર થતા લગભગ ૩૦ હજાર વાહનોને થશે.

## ચલથાણ સુગર ફેક્ટરીમાં શેરડી નાખતાં ખેડૂતોને રડવાનો વારો આવ્યો

ચલથાણ સુગર ફેક્ટરી નો દક્ષિણ ગુજરાતમાં બધી સુગર કરતા ટન દીઠ તદ્દન નીચો ભાવ ચલથાણ સુગરમાં શેરડી નાખતાં ખેડૂતોને રડવાનો વારો આવ્યો ઓક્ટોબર જાન્યુઆરી- ૩૧૭૬ / ફેબ્રુઆરી ૩૨૨૬ / માર્ચ :- એપ્રિલ ૩૨૭૬ / કપાટ ૨૬



## માંડવીમાં પોલીસ ભરતી પરીક્ષા માટે જાગૃતિ સેમિનારઃઆદિજાતિ મંત્રી હળપતિની અધ્યક્ષતામાં PSI-કોન્સ્ટેબલની મુખ્ય પરીક્ષા માટે માર્ગદર્શન

**બારડોલી-** માંડવી હાઈસ્કૂલના ઓડિટોરિયમમાં આદિજાતિ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ સેમિનાર પોલીસ કોન્સ્ટેબલ અને ડ્જઈની શારીરિક કસોટીમાં સફળ થયેલા ઉમેદવારો માટે નિ:શુલ્ક યોજવામાં આવ્યો હતો.




મંત્રી હળપતિએ જણાવ્યું કે સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રથમ કસોટી પાસ કરનાર વિદ્યાર્થીઓને મુખ્ય પરીક્ષા માટે યોગ્ય માર્ગદર્શન મળવું જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓને સમયના સદુપયોગ પર ભાર મૂક્યો. મંત્રીએ જણાવ્યું કે સખત મહેનત અને આત્મવિશ્વાસથી સપનાઓને હકીકતમાં બદલી શકાય છે.

સેમિનારમાં સ્પર્ધાત્મક પરીક્ષાના અનુભવી તજજ્ઞો કલ્પિત પટેલ, અક્ષય પટેલ, નિરજ ભરવાડ અને આકાશ પટેલે વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપ્યું. મંત્રીએ દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે મદદ કરવાની ખાતરી આપી. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ દિલિપભાઈ ચૌધરી, નગરપાલિકાના પ્રમુખ નિમેષભાઇ શાહ, એપીએમસીના ચેરમેન લલ્લુભાઇ ચૌધરી, મામલતદાર જે.આર.મિસ્ત્રી સહિત અનેક અગ્રણીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આખરે સક્ષમ અધિકારીની કદર થઈ

## મનપામાં સીટી ઇજનેર નો ચાર્જ જતીન દેસાઈને સોપાયો

**સુરત-** સુરત મનપામા સીટી ઇજનેર અક્ષય પંડ્યા આજે રિટાયર્ડ થતાં ખાલી પડેલી જગ્યા પર સક્ષમ અને બહોળી કાર્યક્ષમતા ધરાવતા અધિકારીની નિમણૂક કરવાના સમયે કમિશનર શાલીની અગ્રવાલ એ અઠવા ઝોનમાં ફરજ બજાવતા એડિશનલ સિટી ઇજનેર જતીન દેસાઈ પર વિશ્વાસ મૂકી તરીકે પસંદગી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ સીટી ઇજનેર અક્ષય પંડ્યા આજરોજ વય નિવૃત્ત થતા સીટી ઇજનેર જેવી મહત્વની જગ્યા ખાલી પડી છે કમિશનર પછી ખૂબ જ મોભાદાર એવા આ પદ માટે અનેક અધિકારીએ સીટી ઇજનેર નો ચાર્જ મેળવવા તમામ પ્રયાસો કર્યા હતા પરંતુ આખરે કમિશનર શાલીની અગ્રવાલએ લાયક અને મનપાના વહીવટ નો બહોળો અનુભવ ધરાવતા અને પ્રમાણિક એવા જતીન દેસાઈની નિમણૂક કરતા મનપાના શાસકો તેમજ અધિકારીઓમાં આનંદ વ્યાપી ગયો છે




ભૂતકાળમાં સિટી ઈજનેર તરીકે લાયક અને સિનિયર હોવા છતાં જતીન દેસાઈને સાઈડ ટ્રેક કરાયા હતા જેમાં રમાયેલી રાજ કારણના આટાપાટા નું જાણી કમિશનર શાલીની અગ્રવાલએ જતીન દેસાઈને સીટીનો ચાર્જ સોપવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો. જતીન દેસાઈ ભૂતકાળમાં જકાત બાબતે પણ કાબિલે દાદ કામગીરી કરી હતી જેને ભુલાય એમ નથી.

**૧૯૯૬ માં આસિસ્ટન્ટ ઈજનેર તરીકે સુરત મહાનગરપાલિકામાં જોડાનાર જતીન દેસાઈએ જકાત વિભાગ અઠવા ઝોન સેન્ટ્રલ ઝોન ઉધના ઝોન લિંબાયત ઝોન રાંદેર ઝોન જેવા તમામ ઝોનમાં તેમજ સ્લમ અપગ્રેડેસન સેલમાં બિન વિવાદાસ્પદ કામગીરી કરી છે.**

|| શ્રી સદ્‌ગુરૂ કૃપા ||
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
શ્રીબાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

જોઈએ છે..! જોઈએ છે..!
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).